## ભરતી માટેની જાહેરાત

## મધ્યાહન ભોજન યોજના, કલેકટર કચેરી, પાટણ

## પાટણ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ૧૧ માસની કરાર આધારીત જગ્યા ભરવાની જાહેરાત

પાટણ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ જિલ્લા કક્ષાની તથા તાલુકા કક્ષાની કચેરીઓમાં ૧૧ માસના કરાર આધારીત ભરતી માટે નીચે મુજબની જગ્યાઓ માટે યોગ્ય લાયકાત અને પુરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર | ૧ | રૂ..૧૦,૦૦૦/- ફીકસ |
| ૨ | તાલુકા કક્ષાએ એમ.ડી.એમ. સુપરવાઈઝર | ૩ | રૂ.૧૫,૦૦૦/- ફીકસ |

અરજીફોર્મ,નિમાણુંક માટેની લાયકાત અને શરતો નાયબ કલેકટર,મ.ભો.યો., પાટણની કચેરીમાંથી તથા patan.nic.in પરથી મેળવી શકાશે.

રસ ધરાવનાર ઉમેદવારોએ નિયત નમુનાની અરજી રજીસ્ટર પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી નાયબ કલેકટર, મ.ભો.યો., જિલ્લા સેવા સદન, રાજમહેલ રોડ, મું.તા.જિ.પાટણને તા. ૨૮/૦૩/૨૦૨૧ ના રોજ ૧૮-૧૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે. નિયત સમય બાદ મળેલ અરજીઓ માન્ય ગણાશે નહિ.અરજી કરતાં પહેલાં ઉમેદવારોએ આ જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વય મર્યાદા, અનુભવ, નિમાણુંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સુચનાઓ / માર્ગદર્શિકા વાંચી લેવી.

આ જગ્યાઓ અંગેની પસંદગી યાદી નાયબ કલેકટર, મ.ભો.યો.ની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે. મેરીટમાં અગ્રતા મેળવેલ ઉમેદવારોના ઈન્ટરવ્યુ/ પ્રમાણપત્રોની ચકાસણી માટે નાયબ કલેકટર, મ.ભો.યો. ધ્વારા લેખિતમાં જણાવવામાં આવશે.

sd/-

(સુપ્રીતસિંઘ ગુલાટી)

કલેકટર, પાટણ

# મ.ભો.યો.માં ૧૧ માસના કરાર આધારીત ભરતી માટેનું અરજી ફોર્મ

અરજી કરેલ હોય તે જગ્યાનું નામ :-.................................................

(૧) અરજદારનું પુરેપુરું નામ :-.................................................

(પહેલાં અટક લખવી)

(૨) પત્ર વ્યવહારનું સરનામું :-.................................................

મોબાઈલ નંબર/ ઈ-મેઈલ આઈ.ડી :-.................................................

(૩) જન્મ તારીખ :-.................................................

(૪) જાતિ :-.................................................

(૫) શૈક્ષણિક લાયકાત :-

| ક્રમ | પદવી | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

નોંધ :- સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ તેમજ લાયકાત તેમજ સી.સી.સી. તેમજ અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે બીડવાની રહેશે.

(૬) સી.સી.સી. પરીક્ષાની વિગતો :-.................................................

(૭) અનુભવ :-

(૧) વહીવટી અનુભવ વર્ષ.....માસ.....દિવસ.....

(૨) મધ્યાહન ભોજન યોજનાની કામગીરીનો અનુભવ વર્ષ.....માસ......દિવસ.....

(૮) કોમ્પ્યુટરની જાણકારી :- .................................................

(૯) અન્ય :-.................................................

## બાંહેધરીપત્ર

અરજીમાં દર્શાવેલ તમામ વિગતો સાચી અને ખરી છે અને પાછળથી કોઈ માહિતી ખોટી જણાશે તો કચેરી ધ્વારા મારી સામે જે કંઈ પગલાં કે કાર્યવાહી કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે.

(ઉમેદવારની સહી)

## જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડીનેટરની ભરતી માટેની લાયકાત, અનુભવ અને વયમર્યાદા

શૈક્ષણિક લાયકાત :-

(૧) માન્ય યુનિવર્સિટીમાંથી ૫૦ % ગુણાંકન સાથેની સ્નાતકની પદવી.

(૨) સરકાર માન્ય સંસ્થામાંથી સી.સી.સી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ તેમજ ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઈને કરવામાં આવશે.

(૩) માન્ય યુનીવર્સિટીમાંથી એમ.સી.એ.ની ડીગ્રીવાળાને અગ્રીમતા આપવામાં આવશે.

અનુભવ :-

(૧) ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકેનો ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ ફરજિયાત.

(૨) ડી.ટી.પી. (ડેસ્કટોપ પબ્લિકેશન) ઓપરેટર તરીકેનો અનુભવ આદર્શ ગણાશે.

(૩) આસિસ્ટન્ટ તરીકેનો વહીવટી અનુભવ ધરાવનારને અગ્રીમતા આપવામાં આવશે.

(૪) મધ્યાહન ભોજન યોજનાના અનુભવને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

વયમર્યાદા :- અરજી કરવાની છેલ્લી તારીખે ઉંમર ૧૮ વર્ષથી ઓછી કે ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

ફરજ / બજાવવાની કામગીરી :-

(૧) મધ્યાહન ભોજન યોજનાના સુચારુ સંચાલન માટેના રીપોર્ટ તૈયાર કરવા.

(૨) તાલુકા કક્ષાએથી માહિતી મેળવવી, તેનું એકત્રીકરણ કરવું અને રાજય કક્ષાએ રજુ કરવું.

(૩) કવાર્ટલી પ્રોગ્રેસ રીપોર્ટ તૈયાર કરવા અને રાજય કક્ષાએ રજુ કરવા.

(૪) માસિક પત્રકો (લાભાર્થી, ખર્ચ,દૂધ, સુખડી, મહેકમના લગતા કેન્દ્ર કક્ષાના માનદવેતન ધારકો અંગેની માહિતી વિગેરે) તૈયાર કરવી.

(૫) મધ્યાહન ભોજન યોજના અંગે સોંપવામાં આવે તે તમામ કામગીરી.

(૬) નાયબ કલેકટર, મ.ભો.યો. ધ્વારા સોંપવામાં આવે તે મ.ભો.યો.ની તમામ કામગીરી.

## તાલુકા એમ.ડી.એમ. સુપરવાઈઝરની ભરતી માટેની લાયકાત, અનુભવ અને વયમર્યાદા

શૈક્ષણિક લાયકાત :-

(૧) માન્ય યુનિવર્સિટીમાંથી ગ્રેજયુએટ ઈન હોમ સાયન્સ અથવા ફુડ એન્ડ ન્યુટ્રીશન અથવા સાયન્સની ડિગ્રી.

(૨) ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઈને કરવામાં આવશે.

અનુભવ :-

(૧) ૨ થી ૩ વર્ષનો વહીવટી કામગીરીનો અનુભવ.

(૨) મધ્યાહન ભોજન યોજનાના અનુભવને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

વયમર્યાદા :-

અરજી કરવાની છેલ્લી તારીખે ઉંમર ૧૮ વર્ષથી ઓછી કે ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

ફરજ / બજાવવાની કામગીરી :-

(૧) નાયબ મામલતદાર / કેળવણી નિરીક્ષક (મ.ભો.યો.) ની તમામ કામગીરી બજાવવાની રહેશે.

(૨) મધ્યાહન ભોજન યોજના, દૂધ સંજીવની યોજના, સુખડી, આદિજાતિ બાળાઓના વાલીઓને વિના મુલ્યે અનાજ યોજનાનું સુચારૂ સંચાલન/ નિયંત્રણ કરવું.

(૩) મધ્યાહન ભોજન કેન્દ્રોની તપાસણી કરવી.

(૪) મ.ભો.યો.ના રીપોર્ટ તૈયાર કરવા અને જિલ્લા કક્ષાએ રજુ કરવા

(૫) માસિક પત્રકો (લાભાર્થી, ખર્ચ, દૂધ, સુખડી, મહેકમના લગતા કેન્દ્ર કક્ષાના માનદવેતન ધારકો અંગેની માહિતી વિગેરે) તૈયાર કરવી.

(૬) મધ્યાહન ભોજન યોજના અંગેની સોંપવામાં આવે તે તમામ કામગીરી

(૭) નાયબ કલેકટર,મ.ભો.યો. અને મામલતદાર ધ્વારા સોંપવામાં આવે તે મ.ભો.યો.ની તમામ કામગીરી.